
# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives




## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

**December 2024 | Issue No. 61 | A monthly newsletter**

**"સમાવિષ્ટ સમુદાય તરફની અમારી સફરમાં આપનું સ્વાગત છે"**

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સમાવેશી સમુદાયની સફરના પ્રયાસોની ઝાંખીને અહી પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ કાર્યના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકો તથા આપ દ્વારા આ દિશામાં અમોને સતત સહયોગ અને અભિપ્રાય મળી રહે તેવી અપેક્ષા છે.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

*આપણું હ્રદય કરુણા, સ્નેહ અને સમજણથી એટલું ભરેલું હોય કે સમાજમાં દરેકને તેની જગ્યા / અવસર પ્રાપ્ત થાય એવી પ્રભાત તરફથી દરેકને નાતાલની શુભેચ્છા.*

## બાળક માટેના નિયમિત પ્રયાસો અપેક્ષિત પરિણામ સુધી પહોચવાની સીડી બની શકે છે.



કાંકરિયા સ્કૂલ નંબર ૪ રિસોર્સ રૂમના બાળક હુસૈનની માતા રેશ્માબેન રંગરેઝનું દ્રઢપણે માનવું છે કે, માતા-પિતાનું બાળક માટે સમર્પણ અને આશા એ બાળકના વિકાસનો પાયો છે. શારીરિક અને માનસિક વિકાસમાં વિલંબ અનુભવતા હુસૈને બે વર્ષથી પ્રભાત પરિવારનો ભાગ બન્યા બાદ, નોંધપાત્ર રીતે વિકાસ કર્યો છે.

દોઢ વર્ષની ઉંમરે, હુસૈન માત્ર બેસી શકતો હતો. પ્રભાતના હસ્તક્ષેપથી, તે ટેકા સાથે ચાલવાનું, વસ્તુઓ ઓળખવાનું અને વધુ મિલનસાર બનવાનું શીખી ગયો છે. રેશ્માબહેન બાળકમાં આવેલ આ બદલાવથી થયેલ ખુશીને શબ્દોમાં વર્ણવી નથી શકતી એવું કહે છે.





પ્રભાત સાથેના તેમના બે વર્ષના અનુભવમાંથી, રેશ્માબહેન વહેલા હસ્તક્ષેપ અને સમયસર સારવારના મહત્વ પર ભાર મૂકે છે. એમનું કહેવું છે કે, પ્રભાત જેવી સંસ્થાઓ વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકોને, ખાસ કરીને આર્થિક રીતે વંચિત પરિવારોના બાળકોને સુલભ અને સસ્તી સેવાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.પ્રભાત પહેલાં, હુસૈનના પરિવારને અંતર અને ખર્ચની મર્યાદાઓને કારણે નિયમિત ફિઝીયોથેરાપી મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જયારે પ્રભાત માં તેવું નથી બન્યું.

પ્રભાત સંસ્થા સમુદાય આધારિત પુન:વસનના અભિગમથી કાર્ય કરે છે ત્યારે સમુદાયને તેની સેવાઓનો લાભ તેમની નજીક મળે છે. અંતર અને ખર્ચનો પ્રશ્ન ના રહેવાથી તેઓ નિયમિત રીતે બાળકને આ સેવાઓ અપાવી શકે છે. પરિણામે, બાળકનો યોગ્ય વિકાસ થવાની સંભાવનાઓ મહદ અંશે વધી જાય છે.

તૈયાર કરનાર : સેજલ આનંદ (સ્પેશયલ એજ્યુકેટર)

## કાર્યક્રમની ઝલક



**વિકલાંગતા દિવસની ઉજવણી :** આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ પર, પ્રભાત દ્વારા બાળકો અને તેની સાથે જોડાયેલ અન્ય હિતધારકો જેમકે શાળાના બાળકો અને વાલીઓ સાથે વિકલાંગતા દિવસની ઉજવણી કરવામાં આવી. ચિરાગ સ્કૂલ અને બેરલ માર્કેટના વિદ્યાર્થીઓ તેમજ કાંકરિયા સ્કૂલ નંબર ૪ ના વાલીઓ સાથે એક વાર્તાલાપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ્ય સમાજના તમામ સ્તરે સમાવિષ્ટ વાતાવરણ અને તકોને પ્રોત્સાહન આપવાનો હતો; સાથે સાથે બાળકમાં અને તેના વાલીમાં આત્મવિશ્વાસ વધારવાનો હતો. આ ઉપરાંત, દરેક સેન્ટર પર બાળકો માટે રમતગમતની પ્રવૃત્તિઓ અને સ્વાદિષ્ટ ભોજન રાખવામાં આવ્યું હતું.

સમાવેશકતા અને સશક્તિકરણને પ્રોત્સાહન આપી, પ્રભાત વધુ સમાન સમાજ બનાવવાનો પ્રયાસ કરે છે.

***"વિકલાંગતાનો સમાવેશ એ કોઈ ધર્માદાનું કાર્ય નથી , તે એક મૂળભૂત માનવ અધિકાર છે." - આંતરરાષ્ટ્રીય અપંગતા જોડાણ.***




**એસેસમેન્ટ** : વટવા,કાંકરિયા શાળા નંબર ૪ ના રિસોર્સ રૂમ અને બેરલ માર્કેટ – ડેહલુના બાળકોનું ડો.કિલ્લોલ દ્વારા અનુક્રમે 21, 19 અને 31 બાળકોનું સ્પીચ એસેસમેન્ટ કરવામાં આવ્યું. જે અન્વયે વાલી સાથે સંવાદ અને પ્રભાત ટીમને બાળક માટે આગામી આયોજનને લઈને ચર્ચા કરવામાં આવી.

**વોકેશનલ** : બેરલ માર્કેટ ડેહલુના પ્રી વોકેશનલના બાળકો સાથે તેમના નિશ્ચિત કરેલ અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને બાળકોને વ્યવહારુ જ્ઞાન અને અનુભવ મેળવવા વ્યવહારમાં નાણાની લેવડ દેવડ માટે બજારમાં મુલાકાત કરવામાં આવી. શાકભાજીની ઓળખ, તેની ખરીદી અને તેના ફાયદાની વાત પણ કરવામાં આવી.



**નાતાલની ઉજવણી** : પ્રભાતનો હરહંમેશ એવો પ્રયાસ હોય છે કે તહેવારોની ઉજવણી ખાસ રીતે થાય, બાળકોને મજા આવે અને સાથે સમાજમાં સમાવિષ્ટ સમુદાય તરફ એક વધુ ડગલું આગળ વધીએ. આ વર્ષે પણ નાતાલમાં વિવિધતાને સ્વીકારવાના અભિગમથી મુખ્ય ધારણા શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ તથા પ્રભાતના શુભેચ્છકોએ ઉજવણીમાં ભાગ લીધો. સ્વાદિષ્ટ પકવાન, મીઠાઈનો સ્વાદ માણ્યો તો સંગીતના તાલે ઝૂમીને ખુબ મસ્તી કરી. વિશેષમાં, ભાઈપુરા સેન્ટરમાં ટોંગ ગાર્ડન ફૂડ પ્રોડક્ટ ઇન્ડિયા પ્રા. લીમીટેડના પ્રતિનિધીઓએ બાળકો સાથે નાતાલની ઉજવણી હોંશભેર કરી હતી.

## હિમાયત (એડવોકસી )



**અભ્યાસ** : પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન અને અનંત નેશનલ યુનિવર્સિટી (CPPA) સેન્ટર ફોર પબ્લિક પોલિસી દ્વારા સહયોગી સંશોધન પહેલના ભાગરૂપે સંશોધનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેનો ઉદ્દેશ વિકલાંગ બાળકો માટે સર્વસમાવેશક શિક્ષણ માટે પડકારોની શોધ કરવાનો અને ઉકેલો પ્રસ્તાવિત કરી સમાવિષ્ટ શિક્ષણ પ્રણાલી પ્રોત્સાહન આપવાનો છે. આ અન્વયે સુરતની શ્રી નંદન સ્કૂલ, મહાદેવ એજ્યુકેશન અને શ્રધ્ધા વેલ્ફેર ટ્રસ્ટમાં મુલાકાત અને ડેટા કલેક્શન માટે ઓરીએન્ટેશન કરવામાં આવ્યું. સમર્થ સંસ્થાના શ્રી ગઝાલા બેન અને શ્રી ક્રિષ્ના સાથે અભ્યાસની રૂપરેખા ચર્ચા કરી અભ્યાસમાં ડેટા એકત્રીકરણ માટે રજૂઆત પણ કરવામાં આવી.



**જાગૃતિ કાર્યક્રમ** : પ્રભાતની સાથે સમાવેશી સમુદાયની વિચારધારાને અન્ય સુધી પહોંચાડવાની પ્રક્રિયામાં ક્યારેક વાલી, ક્યારેક વિદ્યાર્થી તો વ્યક્તિગત સ્તરે લોકો જોડાય છે. રીવર સાઈડના વિદ્યાર્થીના બાળકો દ્વારા ભાઈપુરામાં આવેલ ઉદગમ સ્કુલના બાળકો સાથે નાટક અને રેલી દ્વારા જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ. વિદ્યાર્થીઓ જયારે બદલાવની પ્રક્રિયામાં ચેન્જ મેકરની ભૂમિકા માં આવે છે ત્યારે અસરકારકતા વધી જાય છે. એવું જ રીવર સાઈડના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું.



**નેટવર્કિંગ- વિપ્રો એજ્યુકેશન પાર્ટનર્સ ફોરમ'24 ખાતે ત્રણ દિવસનું જ્ઞાનવર્ધક શિક્ષણ:** વિપ્રો ફાઉન્ડેશન દ્વારા ત્રણ દિવસીય પાર્ટનર મીટનું આયોજન કરવામાં આવ્યું જેમાં લીડર,પ્રેક્ટિશનરો અને ચેન્જમેકર્સ સહભાગી બન્યા હતા. અહી મુખ્યત્વે, ક્ષમતા નિર્માણની મહત્વતા, વ્યક્તિગત અને સંગઠનાત્મક શીખન અને પ્રેરણાદાયી સંવાદો પર સત્ર યોજાયું. આ સમિટનું મુખ્ય આકર્ષણ કલેક્ટિવ ઇનિશિયેટિવ્સ વેબસાઇટનું શુભારંભ હતું. આ કાર્યક્રમમાં મજબૂત નાગરિક સમાજ સંગઠનોના નિર્માણ પર સત્ર થયું હતું. શિક્ષણ, સહયોગ અને સતત શિક્ષણનું ઇકોસિસ્ટમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને તેનું સમાપન થયું. ગતિશીલ ચર્ચાઓ અને સહિયારા અનુભવો સાથે, સમિટે અસરકારક ક્ષમતા નિર્માણ માટે સામૂહિક પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી.



**નેટવર્કિંગ** : પ્રભાત, રાજ્ય અને દેશ સ્તરે વિવિધ સંસ્થાનો સાથે સંકલન કરીને વિકલાંગતાના વિષય પર પોતાના અનુભવનું આદાન પ્રદાન કરતુ રહે છે. આ અન્વયે PRIA (Participatory Research in Asia) અને Martha Farrell Foundation સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલ અભ્યાસ જેમાં વિકલાંગ લોકોને કાર્ય સ્થળ પર તેમજ જાહેર ટ્રાન્સપોર્ટેશનના સાધનો દ્વારા આવવા જવામાં પડતી મુશ્કેલીઓની સ્થિતિને સમજવા માટે સમુદાય સાથે મુલાકાત કરવામાં આવી હતી. આ અભ્યાસ હાલ પ્રગતિમાં છે.

**દસ્તાવેજીકરણ ફિલ્મનું સ્ક્રીનિંગ** : બાળકની અંદર રહેલી સંભાવનાઓને પ્રકાશિત કરી પરિવારની ખાસ ભૂમિકા પર દસ્તાવેજીકરણ ફિલ્મ અનંત નેશનલ યુનિવર્સીટીના વિધાર્થીઓએ તૈયાર કરી હતી. જેનું સ્કીનીંગ યુનિવર્સીટી ખાતે આયોજીત કરવામાં આવ્યું હતું. પ્રભાતની ટીમ ઉપરાંત, બાળકના પરિવારના સભ્યો અને વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. આ સ્કીનીંગ થયા પછી હૃદયસ્પર્શી ચર્ચાઓ અને મનોમંથન થયા હતા જેણે પરિવારો, વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે પરિપ્રેક્ષ્ય સેતુ બાંધ્યો હતો. આ અર્થપૂર્ણ અનુભવનું આયોજન સમુદાયમાં ટૂંક સમયમાં કરવામાં આવશે.

આ ફિલ્મ પરિવારોમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો પ્રત્યે થતા ભેદભાવને ઘટાડવા અને તેમની અંદર રહેલી શક્તિઓને બહાર લાવવા માટે જાગૃતતા લાવશે.

## મારી વાત



**શિયાળાની ગુલાબી ઠંડીનો ચમકારો અને બાળકોની મોજ** : શિયાળો એટલે સ્વાસ્થ્ય વર્ધક ઋતુ. તેથી જ બાળકોની પ્રવૃતિઓમાં કસરત, શરીરની ગરમાશ માટે પૌષ્ટિક આહાર વગેરેનો સમાવેશ થઇ જાય છે. સુરજના હળવા તાપ સાથે સવારમાં બાળકો કસરત કરતા નજરે પડે તો ગરમ ગરમ સૂપની ચૂસકી પણ લે છે. મજાની સાથે સારું સ્વાસ્થ્યનો તાલમેલ કરતી શિયાળાની આ શરૂઆત રોમાંચક બની છે.

## ક્ષમતા વર્ધન



**તાલીમ** : વિપ્રો ફાઉન્ડેશન દ્વારા ચાઈલ્ડ ડેવલપમેન્ટ એસોસિયેટ (CDA) Training Practical Work વિષય પર ઉમ્મીદ સંસ્થા ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કોઈ પણ પ્રકારની પ્રવૃતિઓને બાળકને ધ્યાનમાં રાખીને કઈ રીતે કરવી તેની તકનીક અને અમલ તથા વાલી સાથેની પ્રવૃતિઓ પર પ્રેક્ટીકલ સત્રો આયોજિત કરવામાં આવ્યા હતા. ટીમ માટે પોતાના કાર્યને વધારે અસરકારક બનાવવા આ વર્કશોપ અત્યંત ઉપયોગી નીવડી છે.

**આંગણવાડીમાં સમાવેશી શિક્ષણના મોડેલને પ્રસ્થાપિત કરવા સંબંધિત કાર્યશાળા :** પ્રભાત ટીમ સાથે 'સમાવેશી અભિગમ' વિષય પર એકદિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટીમને સમાવેશી અભિગમને વ્યક્તિગત સ્તરેથી અનુભવથી લઈને સમાજમાં તેના સ્વરૂપો અને અસરો પર ચર્ચા કરવામાં આવી હતી. હાલ પ્રભાત વિપ્રો ફાઉન્ડેશનના નાણાકીય ટેકા દ્વારા આંગણવાડીમાં સમાવિષ્ટ શિક્ષણને લઈને મોડેલ સ્થાપિત કરવાની દિશામાં કાર્ય કરી રહ્યું છે. આ કાર્યક્રમ ચોક્કસ સમાવેશી શિક્ષણ માટે દિશારૂપ સાબિત થશે એવી પ્રભાતને આશા છે.

## ડોકિયું – પ્રભાત સેન્ટર પર મુલાકાત



**મુલાકાત** : મણીનગરના ધારાસભ્ય અમુલભાઈ ભટ્ટ દ્વારા ભાઈપુરા સેન્ટરની વિઝીટ કરવામાં આવી. બાળકો સાથે એમણે સમય પસાર કર્યો અને ટીમ સાથે રહી સમગ્ર સ્થિતિને લઈને ચર્ચા કરવામાં આવી. પ્રભાતના શુભેચ્છકો હંમેશા સમયાંતરે મુલાકાત બાદ, વિવિધ રીતે સહયોગ આપે છે. આ મહિનામાં શ્રી દિપાલી બહેન, હિનાબહેન, ચિંતન મોદી અને હિમાંશુભાઈ દ્વારા પણ સેન્ટરની મુલાકાત કરવામાં આવી.

## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ -03, રેલ્વે પાસ માટેના ફોર્મ -05, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -06, પેન્શન માટેના ફોર્મ -04 માટે પ્રક્રિયા કરવામાં આવી.



**એજ્યુકેશનલ કીટનું વિતરણ** : Composite Regional Centre (સી.આર.સી.) ઓઢવ સાથે પ્રભાતે હવે ઔપચારિક રીતે જોડાણ કરેલ છે. આ જ જોડાણના ભાગરૂપે વિકલાંગ બાળકો / વ્યક્તિઓ માટેની સહાય અને માર્ગદર્શન ને લઈને સહયોગ મળતો રહે છે. જેના ભાગરૂપે 26 બાળકોને Artificial Limbs Manufacturing Corporation of India તરફથી એજ્યુકેશનલ કીટ આપવામાં આવી છે. આ કીટ બાળકોના શિક્ષણ અને સામાજિક વ્યવહારિક જ્ઞાન માટે ઉપયોગી બનશે.

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org